# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૮/૬/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બર દ્વારા જીએસટી ઉપર આખા દિવસનો વર્કશોપ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજરોજ સવારે ૯:૦૦થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી અઠવાલાઇન્સ સ્થિત હોટેલ ગેટ વે ખાતે જીએસટી ઉપર વર્કશોપ યોજાયો હતો. જેમાં નિષ્ણાંત વકતાઓ તરીકે શ્રી જીગર શાહ (પાર્ટનર – લક્ષ્મીકુમારણ એન્ડ શ્રીધરન, અમદાવાદ), શ્રી નિરવ કારીયા (જોઇન્ટ પાર્ટનર – લક્ષ્મીકુમારણ એન્ડ શ્રીધરન, મુંબઇ) અને શ્રી રાજ ખોના (સિનિયર એસોસિએટ – લક્ષ્મીકુમારણ એન્ડ શ્રીધરન, મુંબઇ)એ ''ઇમ્પ્લીકેશન્સ એન્ડ એનાલિસિસ ઓફ એન્યુઅલ રિટર્ન ફોમ જીએસટીઆર ૯'', ''ઓડીટ અન્ડર જીએસટી એન્ડ એનાલિસિસ ઓફ જીએસટીઆર ૯ સી વીથ પ્રેકટીકલ ઇશ્યુજ'' અને ''ઇનપુટ ટેક્ષ ક્રેડીટ એન્ડ સેટ ઓફ રૂલ્સ'' વિષયો ઉપર વકતવ્ય રજૂ કરી જીએસટીના વિવિધ પાસાઓ અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ચેમ્બરના માધ્યમથી ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે અવેરનેસ પ્રોગ્રામ કરવામાં આવી રહયા છે. જીએસટી અંગેની મુશ્કેલીને પણ દુર કરવા માટે પ્રયાસ થઇ રહયા છે. આપણે કઈ રીતે વ્યવસ્થિત જીએસટીઆર ફાઇલ કરી શકીએ વિગેરે મુદ્દાઓની માહિતી માટે તેમજ ટેક્ષ સ્ટ્રકચરના સરળીકરણ માટે જીએસટી ઉપર આજનો વર્કશોપ યોજાયો છે.

વકતા શ્રી રાજ ખોનાએ જીએસટીઆર – ૧ / ૩ બી, ૯ અને ૯ સી ફોર્મ કઈ રીતે ભરવો તે વિશે માહિતી આપી તેમાં હિસાબી ચોપડા મુજબના આંકડા બતાવવા ઉપર ભાર મુકી ઓડીટ રિપોર્ટ અંગે સમજણ આપી હતી. તેમણે

કહયુ હતુ કે, જીએસટીએન નંબર માટે સ્ટેટ વાઇઝ ઓડીટ કરાવવું ફરજિયાત છે. ઓડીટ વખતે કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

વકતા શ્રી નિરવ કારીયાએ જણાવ્યુ હતુ કે, એન્યુઅલ રિટર્ન અને ઓડીટ (રિકન્સીલેશન સ્ટેટમેન્ટ) ફરજિયાત છે. જીએસટી ફાઇલ કરવા અને ફીલ કરવા માટેની માહિતી આપી હતી. તેમણે એડવાન્સ રૂલીંગ ઓથોરીટીના નિર્ણયોનું એનાલિસિસ કરી તેની વિસ્તૃતપણે સમજણ આપી હતી. સમરી ફોર્મમાં જો માહિતી ભરવાની જરૂરિયાત ઉદ્‌ભવે તો તે માટે કયા સ્ટેપ લેવા અને કઈ કાળજી રાખવી તે વિશે સમજણ આપી ઇનપુટ ટેક્ષ ક્રેડીટની મુંઝવણો દુર કરી તે અંગેની એનાલિસિસની માહિતી પુરી પાડી હતી.

વકતા શ્રી જીગર શાહે પોતાના વકતવ્યમાં વિવિધ કેસ સ્ટડીઝને આવરી લીધી હતી. મેઘા એન્જીનિયરીંગના કેસને ટાંકીને તેમણે રિટર્ન ભરવામાં મોડુ થાય તો જે ટેક્ષ ઉપર વ્યાજ ભરવાનું થાય તે પુરેપુરી રકમ ઉપર ભરવાનું થાય કે જે આઇટીસી મળવાપાત્ર હોય એની ઉપર ભરવાનું થાય તે વિશે સમજણ આપી હતી. તેમણે જીએસટીમાં કોઇ ફાયનાન્શીયલ ક્રેડીટનોટ ઇશ્યુ કરવામાં આવી હોય તો ક્રેડીટનોટ મેળવનાર વ્યકિત પ્રપોઝ ઇનપુટ ટેક્ષ ક્રેડીટ રિવર્સ કરવી પડે કે નહી તે ઇશ્યુ ઉપર ચર્ચા કરી તે અંગેની માહિતી પુરી પાડી હતી.

તેમણે જીએસટીમાં સપ્લાયમાં જયારે રેસીપીયન્ટ કોઇ વસ્તુ સપ્લાયરને મફતમાં આપે ત્યારે તેની વેલ્યુ એડ કરવાની કે નહી તે વિશે પણ સમજણ આપી હતી. વેપારી જો માલ એક્ષ્પોર્ટ કરવામાં ભારતીય શીપિંગ લાઇન અથવા ભારતીય કુરીયર કંપનીની સેવા લે તો તેને જીએસટી ભરવાનું નહી થાય તે બાબત સમજાવી હતી. સાથે જ જીએસટીમાં નવા દાખલ કરવામાં આવેલા સિદ્ધાંતો જેવા કે કમ્પોઝીટ સપ્લાય અને મિકસ સપ્લાયના કેસોની વિસ્તૃત ચર્ચા કરી તે અંગેનું માર્ગદર્શન આપ્યુ હતુ.

વર્કશોપમાં ચેમ્બરની જીએસટી કમિટીના કો ચેરમેન શ્રી રોહન દેસાઇ અને જિગીશ મોદીએ પ્રાસંગિક વિધી કરી હતી. વકતાઓએ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે જીએસટી કમિટીના ચેરમેન સીએ કિશોરચંદ્ર ઘીવાલાએ વકતાઓ સહિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વર્કશોપનું સમાપન થયુ હતુ.

જીએસટી ઉપરના વર્કશોપમાં ચેમ્બરની સાથે ઓરો યુનિવર્સિટી એકેડેમિક પાર્ટનર તરીકે અને લક્ષ્મીકુમારણ એન્ડ શ્રીધરન નોલેજ પાર્ટનર તરીકે જોડાયા હતા.